Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net

*Volume-11, Issue-2(September, 2017)*


**IMPACT FACTOR:3.021**


**PP:229to237**

# બનાસકાંઠાના સ્વાતંત્ર્યસેનાની તરીકે શ્રી કાળીદાસ લક્ષ્મીચંદ ભોજક (કવિ આનંદી)

પ્રા.વિનુભાઈ ગગાભાઈ ભરવાડ,

પીએચ.ડી. વિદ્યાર્થી, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય,
ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ.




## ❖ પ્રસ્તાવના

ભારતની સ્વાતંત્ર્ય માટે અનેક આંદોલનો થયા તેમાં ગાંધીયુગના આંદોલનમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લાનું આગવું પ્રદાન હતું તેમાં અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારતની આઝાદી માટે ગાંધીચિંધ્યા માર્ગે શ્રી કાળીદાસ લક્ષ્મીચંદ ભોજક, શ્રી અકબરભાઈ દાલુંમીયા ચાવડા, શ્રી નારાયણભાઈ ગુરુહંસ સ્વામી નિર્વાણા, શ્રી વિરજીભાઈ ભગવાનભાઈ પટેલ, શ્રી હકુમતસિંહ હરગોવનસિંહ, શ્રી મનસુખભાઈ જે. દવે, શ્રી જેસંગભાઈ બી.જોશી, શ્રી ખુબમિયાં બડામિયાં સૈયદ, શ્રી પુનમચંદ એમ. પરીખ, શ્રી ગલબાભાઈ હાથીભાઈ પટેલ, શ્રી મુકુંદીલાલ એમ.ગુપ્તા, શ્રી જેસંગલાલ

ટી.ખત્રી, તથા સ્ત્રી સ્વાતંત્ર્ય સેનાનીઓમાં શ્રીમતી જોહરાબેન અકબરભાઈ ચાવડા, શ્રી મંદાકીની બહેન જી. કામતેકર, શ્રી રાણીબેન બાપુભાઈ પટેલ, શ્રી મણીબેન કાળીદાસ ભોજક, વગેરે...સ્વરાજની ચળવળમાં, સભાઓ, સરઘસો, રાષ્ટ્રીય શિક્ષણ, બહિષ્કાર, વેઠ પ્રથા, સામે વિરોધ, ખાદી પ્રચાર, અસહકારની ચળવળ, 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય રીતે જોડાયા હતા.[1] તેમાં વડગામના વતની શ્રી કાળીદાસ લક્ષ્મીચંદ ભોજક (કવિ આનંદી)એ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી.

**'બેઠી છે સર્વ રિદ્ધિ સિદ્ધિ જાવા હિન્દુસ્તાનની;**

**વિદેશમાં વહી જાય છે જિંદગાની હિન્દુસ્તાનની'[2]**

વિલાયતી કાપડના બહિષ્કાર માટે લોકોને ગામડાંઓમાં જઈ સમજાવતા તથા તે માટે કવિતા લખતા અને છપાવી વહેંચતા.

## ❖ પ્રારંભિક જીવન અને સ્વાતંત્ર્ય સેનાની તરીકેની તેમની ભૂમિકા:

બનાસકાંઠા જીલ્લાના વડગામ ગામના વતની શ્રી કાળીદાસ લક્ષ્મીદાસ ભોજક કવિ આનંદીનો જન્મ સંવત ૧૯૬૦ના ચૈત્ર સુદ-૫ના રોજ થયેલ. તેઓએ ગુજરાતી ધોરણ પહેલાનો અભ્યાસ કરેલો હતો. બાર વર્ષે કવિ થવાની ઈચ્છા જાગૃત થવાથી પોતાની ધગશ પૂરી કરવા પંડિત રાધેશ્યામ રહેવાસી બરેલી (ઉ.પ્ર.) જેઓ હિન્દીના કવિ હતા, તથા મૂળશંકર મુલાણી જેઓ ગુજરાતી કવિ હતા,તેઓની પાસેથી પિંગળ અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરેલ, ત્યારબાદ રાષ્ટ્રપિતા ગાંધીજીના સંપર્કમાં વર્ધા મુકામે આવેલ તે સમયે ગુજરાતી ગીત બનાવી ગાંધીના ચરણોમાં ધરેલ અને ગાંધીજીએ તેઓને કવિ આનંદીનું નામ આપેલ. ગીતની પંક્તિઓ આ પ્રમાણે છે.

**'રેંટિયો રંકોને રોટલી અપાવતો,**
**ગાંધી બાપુના અંતરમાં વ્યાપતો,**
**કુરસદના ટાંકણે ફરતો એ કૂદડી**
**કૂદડીમાં સર્જાતી ભારતની ચુંદડી.'[3]**

સંવત ૧૯૭૪માં મુંબઈ નોકરી માટે ગયેલ અને રૂ.૧૫-૦૦ના માસિક પગારથી મુંબઈ ગુજરાતી નાટક કંપનીમાં જોડાયેલ. તે વખતે સ્વરાજ્યની ચળવળ ચાલતી હતી. સભાઓ ભરાતી અને સરઘસો નીકળતાં. આવી સભાઓ અને સરઘસોમાં જવાની તેઓને કુદરતી આદત પડી ગયેલ. તે અરસામાં લોકમાન્ય તિલક મહારાજનું સને ૧૯૨૦માં અવસાન થયું. તેમની સ્મશાનયાત્રાનું દ્રશ્ય તેમણે આલેખ્યું છે. લોકોની મેદની ઊભા રાજમાર્ગ ઉપર ઉભરાયેલી હતી. ફૂલોની વૃષ્ટિ અને છુટાં નાણાંની ઉછામણી જેવાં હૃદયદ્રાવક દ્રશ્યો જોતા સમગ્ર મુંબઈ શોકમાં ડૂબી ગયેલું હોય તેમ જણાતું હતું. લાખો લોકોની આંખોમાં આંસુ જોઈ કવિનું મન દ્રવી ઉઠ્યું અને ભિક્ષુક કુટુંબમાં જન્મેલો આત્મા જાગી ઉઠ્યો આ પણ માનવી તું પણ માનવી. શું તારાથી તારા દેશ માટે કશું ન થાય?' દેશસેવાનું બીજ જીવનમાં રોપાઈ ગયું. કવિત્વશક્તિ જાગૃત થઈ અને તે જ દિવસે લોકમાન્ય તિલકના સ્મરણમાં અંજલિરૂપે –

**'ગયો છે હિંદનો હીરો કમર કસજો તમે વીરો,**

**લડત લડજો સત્યાગ્રહથી કમર કસજો તમે વીરો'** [4]

કાવ્ય લખ્યું તેની એક હજાર પ્રત છપાવી, ગલીએ ગલીએ ગઈ અને વહેંચી. અને તે સાથે જ સ્વરાજ્ય માટે ચળવળ એ જીવનનું ધ્યેય બન્યું જીવનનિર્વાહ માટે કવિતા લખવી. છપાવવી અને જાતે વેચતાં મળેલી રકમમાંથી ગુજરાન ચલાવવું. તેમની ઘણી કવિતાઓ લોકપ્રિય બનેલી. જન્મથી જ કોઈના બંધનમાં ન રહેવાની, આદત હોવાથી કોઈ સંસ્થામાં જોડાયા નહીં; પણ ગુજરાતના ગામડે ગામડે ફરતા અને સરકારી વેઠ ન કરવા લોકોને સમજાવતા. તેમનો વિષય વગર પૈસે લેવાતી વેઠ બંધ કરવાનો અને નાનાં નાનાં ગામડાંઓમાં ગામઠી શાળાઓ ખોલાવવાનો હતો. મુંબઈમાં જન્મભૂમિ નામનું છાપું નીકળતું, તેના તંત્રી મરહૂમ શામળદાસ ગાંધીને મળ્યા, અને તેમના છાપામાં નકલો છાપવા વિનંતી કરેલી અને ત્યારથી તેમના સંપર્કમાં આવેલા. સને ૧૯૩૫ની સાલમાં અમદાવાદ આવ્યા અને તેમના બાળમિત્ર પ્રતાપચંદ પુનમચંદ શાહ કે જેઓ સામાજિક કાર્યકર હતા તેઓની મારફતે સીરોહીના નેતા શ્રી ગોકુળભાઈ ભટ્ટના પરિચયમાં આવ્યા. શ્રી ભટ્ટે સીરોહી રાજ્ય પ્રજામંડળ અમદાવાદનું સંચાલન સોંપ્યું. શ્રી ગોકુળભાઈ ભટ્ટ ભાંગફોડ કે તોફાનો કરવાની રીતમાં માનતા ન હતા પણ બેઠા

પ્રચારથી લોકોનાં હ્રદયો પર વર્ષોથી જામેલી ગુલામી અને દહેશત દુર કરી તેમનામાં નવચેતના લાવવામાં માનતા હતાં. એ રીતે શ્રી કવિ આનંદી પોતાના ગુરુની શિસ્તમાં આવ્યા અને અમદાવાદ, ભરૂચ, અંકલેશ્વર, ઝઘડિયા વગેરે સ્થળોએ જી ત્યાંના મારવાડી વેપારીઓ તેમજ મજૂરોની મુલાકાત લઇ અને પોતાના વતનમાં ચાલતા ગુંડા રાજતંત્ર સામે લડત આપવા અને ગોકુળભાઈના હાથ મજબુત કરવા માટે વખત આવેથી જનનો ભોગ આપવા તૈયાર રહેવા સમજાવવ લાગ્યા. ઇન્દુલાલ યાજ્ઞિકે ઈ.સ. ૧૯૩૯માં કિસાન કાર્યાલયની સ્થાપના કરી ઉત્તર ગુજરાતમાં કિસાન લડત જમાવી હતી[5]. ત્યારે કવિ આનંદીએ અમદાવામાં દારૂના દૈત્યને દહન કરવાના વખતે એક કવિતા લખી –

**'છડેચોકે પડે છાતી ઉપર રે ઘાવ ચક્કુના**

**રુધિરથી લાલ રંગાયા, ખરા દેખાવ ચક્કુના'[6].**

આ કવિતા છપાવવા માટે ઘણી પ્રેસોમાં ફરવા છતાં કોઈએ છાપવા માટેની હિંમત ન કરી, પણ છેવટે એક વૃદ્ધ કાકાએ હાથની પ્રેસ ઉપર આ કવિતા છાપી આપી, જેની નકલો દારૂબંધીના સરઘસ વખતે મસ્કતી માર્કેટના દરવાજે ચોંટાડી તેમજ જાહેરમાં વહેંચી જેની પોલીસે નોંધ લીધી અને રુસ્તમજી પટેલ નામના પારસી સબ ઇન્સ્પેકટરે તેઓની ધરપકડ કરી ગાયકવાડની હવેલીમાં મેજિસ્ટ્રેટે સમક્ષ રજુ કર્યા. કવિશ્રીએ ગુનાનો એકરાર કરતાં કહ્યું ગંગારામ અન્નાને તમારી કોર્ટના દરવાજા પાસે ચાકુના ઘાવ મારનાર તમે કઈ કર્યું નહીં, ત્યારે મેં તો કલમના જ ઘાવ કર્યા છે. મેજિસ્ટ્રેટ સાહેબે ખોટી ઉશ્કેરણી કરવાના આરોપસર અમદાવાદની હદમાંથી હદપાર રહેવાનો હુકમ કર્યો. એટલે પોલીસે તેઓને દહેગામ સ્ટેશનને ઉતર્યા.આમ થવાથી કવિએ પોતાના પ્રમુખશ્રી ભટ્ટને પત્ર લખી જણાવતાં અપાયેલા આદેશ મુજબ સીરોહી સ્ટેટમાં ફરવા લાગ્યા. સીરોહીના રાજા સ્વરૂપ રામસિંહના લોકોની બેન-બેટીઓના શિયળ લુંટવાના અને ધર્મ પરિવર્તન કરવાનાં કરતૂતો સામે અને મનસ્વી કાયદાઓ સામે લોકોને માથું ઊંચકવા માટે પ્રચાર કરવા લાગ્યા. માથા ઉપર વોરંટની લટકતી તલવાર હોવા છતાં, તેઓ ચાલાકીથી ફરતા અને બેઠો પ્રચાર કરતા. તે દરમ્યાન એક મિત્રને ત્યાં રોકાતા પણ તે મિત્રે દગો દઈ પકડાવી દીધા અને શ્રી કવિને કોર્ટમાં લઇ જવામાં

આવ્યા. તેઓએ એકરાર કરતાં કહ્યું કે, 'હું આ રાજ્યના જટીલ અને મનસ્વી વહીવટ સામે લોકોની બેન-બેટીઓનાં શિયળ અને ધર્મ પરિવર્તન, વટાવ પ્રવૃતિઓનો વિરોધી છું.' મેજિસ્ટ્રેટે તેઓને છ માસ અને અગિયાર દિવસની સજા ફટકારી. તેઓને જેલમાં લઇ જવામાં આવ્યા. સીરોહી સ્ટેટની જેલ એટલે જીવતું નર્કાગાર, અંધારી કોટડી, સડી ગયેલા ધાબળા, ખાવા માટે રેતીવાળા રોટલા, પાણી પણ ખારૂં, કામ સવારના સાતથી બે વાગ્યા સુધી અને સાંજના ત્રણ થી છ કલાક સુધી સડક માટે પથ્થરના ટુકડા કરવાનું. એક હાથમાં ફોલ્લા ઊઠી જતા અને તે રીતે સજા પૂરી થતાં તેઓને છોડી મૂકવામાં આવ્યા. સીરોહી સ્ટેટની હદમાં પ્રવેશબંધીનો હુકમ સંભળાવી પોલીસ મારફત તેઓને પાલનપુર ઉતારી દેવામાં આવ્યા, કારણ કે તેઓએ પોતાનું રહેઠાણ પાલનપુર લખાવ્યું હતું.

સને ૧૯૩૨ થી ૧૯૪૨ દરમ્યાન તેઓને સત્યાગ્રહ માટે વારંવાર પકડવામાં આવતા હતા. ઈ.સ.૧૯૩૬ની સાલમાં ગાંધીજીની રાજકોટ મુકામે યોજાયેલ સભામાં ગયેલા તે વખતે ચાલુ સભામાં પોલીસ અધિકારી (એજન્સીના) ઈસ્માઈલ દેસાઈએ લોકો ઉપર ઘોડા દોડાવ્યા. માથામાં લાઠી લાગવાથી લોહી વહેવા લાગ્યું. બે નાની બાળકીઓ નજરે પડતાં ઘાયલ હાલતમાં બે તરફ કમરમાં ઊંચકી તેમનો બચાવ કર્યો. માથા પર પડેલ ઘાવ પર પાટો બાંધી અમદાવાદ આવ્યા. ને ત્યાં ખાનગી વૈધ મારફત પાટાપિંડી કરાવી જે ઘાવ વીસ દિવસે રુઝાયો.

શ્રી ગોકુળભાઈ ભટ્ટે પાલનપુર મુકામે લોકસંઘ સંસ્થાની મુલાકાત લીધી અને તે વખતે તેઓએ કવિને પાલનપુર સ્ટેટમાં જઈ સ્વાતંત્ર્ય સંગ્રામનું કામ કરવા તથા લોકજાગૃતિ લાવવા આદેશ આપતાંકવિ પાલનપુર આવ્યા અને તે વખતના કાર્યકર્તા શ્રી ડાહ્યાલાલ મહેતા, શ્રી બાલાશંકર જોષી, શ્રી જેસીંગલાલ જોષી વગેરેની સહતે મળી સોંપેલું કાર્ય પૂરૂં કર્યું.

પાલનપુર રાજ્યના દીવાનશ્રી તાલેમહંમદખાનજીનું શાસન હતું તેમના અંગ્રેજોમાં સાથે સારા સબંદ ધરાવતા હતા સાથે-સાથે ગાંધીજીમાં શ્રધ્ધાઅને વિશ્વાસ ધરાવતા હતા. ગાંધીજીની રચનાત્મક પ્રવૃતિઓમાં ખાદી અને ગ્રામોદ્યોગને મહત્વ આપવા "અખિલ ભારતીય ખાદી મંડળ" ઈ.સ.૧૯૨૪મ ખાદી સંગ્રહસ્થાન ઉભું કરાયું હતું.[7] તેમ

છતાં રાજ્યમાં ચાલતી વેઠ પ્રથાના, ભીલોની ચળવળ, અફીણ વિદ્રોહ તેમજ રાજપૂતોના ચોકિયાત પ્રશ્ન, જાગીરદારી પ્રથા ચાલતી હતી.અને પ્રજા ત્રસ્ત હતી આથી કવિશ્રી આનંદીએ સંગઠનનં કાર્ય શરૂ કર્યું. નવાબ તાલેમહંમદખાનજીના કાન ઉપર આ વાત જતાં તેઓએ જોરાવર પેલેસમાં બોલાવી રાજ્યમાં પ્રવૃત્તિ બંધ કરવ માટે ધમકી આપી. પણ તેઓએ તેની દરકાર ન કરી કારણ કે પાલનપુર રાજ્યમાં જાગીરદારોની જોહુકમી એટલી હદે વધી ગયેલી કે ત્યાંની પ્રજા માંડમાંડ રોટલો ખાય તેટલું અનાજ પણ હાથમાં ન આવે. ચોથા ભાગનું તો નામ, બાકી છૂટક પરચૂરણ. બીજા ઘણા લાગમાં જાગીરદારો ખેડૂતોનું બધું અનાજ લૂંટી લેતા એમ કહીએ તો ચાલે. ગરીબ કોળી ઠાકરડાની બેન દીકરીઓનાં લગન પણ જાગીરદારોની મનસુફીથી થતાં.તેની સામે સત્યાગ્રહ કરવા કવિશ્રીએ જાગીરદારોની પ્રજાને એકઠી કરી અને જાગીરદાર પ્રજામંડળની સ્થાપના કરી[8], જેમાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ નળાસરવાળા પણ જોડાયા અને ખાદી ધારણ કરી અને આ મંડળના ખજાનચી બન્યા, અને તે રીતે આ મંડળ દ્વારા કવિશ્રીએ જાગીરદારો સામે અસહકારની ચળવળ શરૂ કરી. કોઈ પણ વ્યક્તિ જાગીરદારોનું કામ ન કરે, તેવો બહિષ્કાર કર્યો. આમ થવાથી વાસણા સેભર ગામમાં જાગીરદારોએ પ્રજા પર ધક બેસાડવા એક ગરીબ રામા નામના કોળીને પોતાના હાથે તીરથી વીંધી દીધો. ત્યાંના કાર્યકરે શ્રી મોહનલાલ પંચાલે પાંચડા ગામેથી મોટર લાવી રામને વડગામ લાવ્યા અને કવિશ્રીને મળ્યા. તેઓ મોટર સીધી પાલનપુર લઈ ગયા અને ડી.એસ.પી. મારફતે રામાને દવાખાનમાં દાખલ કરતાં, તે બચી ગયો. વાસણા સેંભરની લોકોની સલામતી માટે બે પોલીસનું થાણું મૂકવામાં આવ્યું.

જાગીરદારોની લડતના પ્રસંગે સરકારના કલેકટરશ્રી પાટીલ તથા ડી.એસ.પી.શ્રી દોશીએ વેસા ગામના લોકોના ઝઘડામાં તેનું નામ ફરિયાદી પાસે અપાવી પકડવા વોરંટ કાઠેલું અને કોર્ટમાં રજુ કરેલ. કવિશ્રીએ જામીન આપવાની ના પાડી. સાત દિવસ કાચી જેલમાં રહ્યા.કલેક્ટરશ્રી પાટીલ બદલાતાં શી એમ. ડબલ્યુ દેસાઈ આવ્યા અને કોર્ટમાં કેસ ચાલતાં આ કેસ ઉપજાવી કાઢેલ છે તેવું જણાવી મેજિસ્ટ્રેટ સાહેબે કલેક્ટરશ્રીને કેસ પરત મોકલી આપેલ. કલેક્ટરશ્રીએ કેસ વિડ્રો કરી તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો.

રૂપાલ મુકામે શ્રી ગુલાબરસુલ કુરેશીના પ્રમુખસ્થાને એક પરિષદ બોલાવી અને તેમાં જાગીરદારી પ્રજાની મુક્તિ માટે જોરદાર પ્રશ્ન સરકાર સમક્ષ મૂકવામાં આવ્યો અને તે દિવસથી તેની અપાતો વજેભાગ બંધ કરવામાં આવ્યો.

જાગીરદારોની વેઠ તેમજ ભાગબટાઈ બંધ થવાથી તેમની સ્થિતિ ભંગ થઈ ગઈ અને તે દરમ્યાન ભારતને સ્વરાજ્ય મળ્યું. ત્યારબાદ સ્પે.પ્રાન્ત ઓફિસર શ્રી કે.યુ.ભટ્ટની નિમણુક થઈ અને તેમના હાથે જાગીરદારી પ્રજાના ખેતીના ખાતેદાર તરીકેના હક્કો નક્કી થયા અને સર્વે સેટલમેન્ટ ન થાય ત્યાં સુધી ગામવાર ઉચક મહેસૂલ તારીકે આપવાનું નક્કી કરવામાં આવ્યું. એ રીતે જાગીરદારોની પ્રજાને સંપૂર્ણ સ્વતંત્રતા મળી અને લડત બંધ કરવામાં આવી. આ દરમ્યાન પાલનપુરનું રાજ્ય મુંબઈ સાથે વિલીનીકરણ થયા બાદ પણ ૧૯૫૦-૫૧ના અરસામાં કવિશ્રીને કારાવાસમાં જવું પડ્યું. તા. ૦૧-૦૮-૫૪ના રોજ સમાજવાદી લોકશાહી સરકારે આ પ્રથા સદંતર નાબૂદ કરતાં જાગીરદારી પ્રજામંડળ વિખેરી નાખવામાં આવેલ અને તેની જગ્યાએ ખેડૂત મંડળની સ્થાપના ગુજરાત કોંગ્રેસ સમિતિની સૂચનાથી કરવામાં આવેલી.

વડગામ તાલુકામાં હાળી(સાથી) પ્રથા ચાલતી હતી. નોકરોને પગાર નહીં ને રકમનું વ્યાજ નહીં.

ત્રણ ત્રણ પેઢી સુધી તેમાંથી આ સાથી ગુલામો છુટી શકતા નહીં.માતબર જમીનદારો જાણે એમના ધણીધોરી. સ્ત્રી ઘરકામ અને ઢોરઢાંખરનું સંભાળે, છોકરા ઢોર ચારે. તેના બદલામાં રોટલા અને કપડાં અપાય, બાકી કશું નહીં. શ્રી કવિએ ઘોડિયાલ મુકામે ઠાકરડાઓની એક સભા બોલાવી તમામ હાળી સાથીઓને પહેરવા કપડાં, ખાવાનું અને માસિક વીસના પગાર સાથે કામ પર ચડી જવા જણાવ્યું. આજે પણ તે મુજબ ચાલી રહ્યું છે. એ રીતે વર્ષો જૂની હાળી(હાળી)ની ગુલામીપ્રથા નાબૂદ કરી.

એક દિવસ સવારના વહેલા શેરપુરા ગામથી નીકળી પાંચડા ગામે જતાં વચ્ચે નદીના કિનારે પનોના ઝુંડમાંથી તેઓના ઉપર ગોળીબાર થયો. નિશાન ચૂકી જવાથી ગોળી તેઓના કાનથી અડધો ફૂટ દૂર થઈને નીકળી ગઈ. ગોળીના અવાજથી આજુબાજુના ખેતરો માંથી ખેડૂતો દોડી આવ્યા પણ ગોળી છોડનાર ઇસમનો પતો ન લાગ્યો અને કવિશ્રી પાંચડા પહોંચી ગયા.

ખાંડ ગોળનો કંટ્રોલ આવેલો તે વખતે લોકોને માથાદીઠ દસ તોલા ખાંડમળતી હતી.તેમાં સંચાલકોએ ગોલમાલ ચલાવતાં તે સામે પણ લડત ચલાવેલ અને તે સમયના કંટ્રોલ મિનિસ્ટર ડાહ્યાલાલ મણીલાલ મહેતાની ઓફિસે ફરિયાદ દાખલ કરી ગોળ ખાંડ ન લેવાની ઝુંબેશ ઉપાડી. તથા તે વખતના એક ભાઈએ કવિશ્રીને પેંડામાં ઝેર ભેળવીને ખવડાવેલ, જેની જાણ થતાં તેઓ તુરંત જ સ્થાનિક દવાખાને ગયા. ડૉક્ટરે તુરંત જ પોલીસ સબ ઇન્સ્પેકટર લક્ષ્મણલાલને બોલાવીને સિવિલ હૉસ્પિટલ પાલનપુરમાં દાખલ કરતાં બે દિવસની સારવારથી બચી ગયેલ.

ઈ.સ. ૧૯૫૧-૫૨ના દાંતા મુકામે પીવાના કૂવા અંગે દાંતાનામહારાણા અને લોકો વચ્ચે ઝઘડો થતાં શ્રી છોટુભાઈ હેમુભાઈ ને કવિએ દાંતા જઈ પ્રથાનો સુખદ અંત લાવેલ. દાંતા તાલુકાના ગામેગામ પ્રવાસ કરીને લોકોનો સંપર્ક સાધી તેઓના પ્રશ્નોની રજૂઆત આદિવાસીઓના ઉત્કર્ષ માટે કરવામાં આવેલી.

ગામડાંમાં જ્યાં શાળાઓ ન હતી ત્યાં શાળાઓ ખોલાવી લોકોને પ્રૌઢશિક્ષણ, અક્ષરજ્ઞાન અને સ્વચ્છતાનું જ્ઞાન આપવાનું કાર્ય કરેલ. હરિજન બાળકોને જાતે નિશાળમાં બેસાળી હરિજનો પ્રત્યે લોકોને સૂગ ન રાખવા સમજાવતાં તેમજ લોકોની અંદરોઅંદરની તકરાર પંચાયત દ્વારા પતાવવા પણ પ્રયત્નો કરેલ. હરિજનોના ઉત્કર્ષ માટે તથા દારૂબંધીના પ્રચાર માટે નાટકો લખી વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાવી ગામેગામ ભજવી લોકજાગૃતિ આણી પોતાની દોરવણી અને માર્ગદર્શનથી અનેક કાર્યકરો તૈયાર કર્યા[૭].

## ❖ સમાપન

ઈ.સ. ૧૯૩૨ના અરસામાં કવિશ્રીની ઈચ્છા મુજબ આરંભેલું ઘણુંખરું કાર્ય પૂરું થતાં તેમજ લોકમાન્ય તિલકની સ્મશાનયાત્રામાંથી ઉદ્ભવેલી પ્રેરણા પરિપૂર્ણ થતાં સીવેલા કપડાં નહીં પહેરવાની લીધેલી પ્રતિજ્ઞા તે વખતના કલેક્ટરશ્રી વી. શંકરના કહેવાથી રૂપાલ મુકામે માતાજીનો હવન કરાવી સીવેલાં કપડાં પહેરવાની શરૂઆત કરી. બનાસકાંઠા જિલ્લાનાઆવા આજીવન સેવાના ભેખધારી કવિશ્રી આનંદી કોઈ પણ જાતના સ્વાર્થ વિના દેશની સ્વતંત્રતા માટે તથા ગરીબોના હક્કોના રક્ષણ માટે ઝઝૂમ્યા

અને વૃદ્ધાવસ્થાએ પણ લોકોને ગાંધીના માર્ગે સ્વાવલંબી જીવન જીવવાની પ્રેરણા એટલા જ જુસ્સાથી આપતા રહ્યા. લોકો સમૃદ્ધ થાય અને દેશનો સર્વાંગી વિકાસ થાય તેવા કાર્યમાં સતત રસ લેતા કર્યા અને તે રીતે તેઓના દોરવણીકાર, પથદર્શક રાજસ્થાનના મુક સેવક શ્રી ગોકુળભાઈ ભટ્ટનો આદેશ સેવા માટે છે સત્તા માટે નહીં,તેનું જીવનના અંતિમ શ્વાસસુધી પાલન કર્યું અને કવિશ્રીનું તા.૩૦-૧૦-'૭૩ના રોજ અવસાન થયું.

## કવિ શ્રી આનંદી (સ્વ. શ્રી કાળીદાસ લક્ષ્મીચંદ ભોજક) સહકાર્યકરો સાથે



## ❖ પાદનોંધ :

(1) કપિલ એમ. ઠાકર – આપણું બનાસકાંઠા, ૨૦૧૦ પૃ.૨૫

(2) કનુ આચાર્ય –બનાસની અસ્મિતાનો ઉન્મેષ, ઓગસ્ટ,૨૦૦૮ –પૃ.૯૫

(3) એજન. પૃ.૯૪

(4) સૈયદ શરીફ ચશ્માવાલા – વડગામ ગાઈડ, ઓક્ટોબર,૨૦૦૮ –પૃ. ૧૦૧

(5) રજની વ્યાસ – "૨૦૦૦ મિલેનિયમ ફલેશબેક" અમદાવાદ, ૨૦૦૦ પૃ. ૨૯૨

(6) કનુ આચાર્ય –બનાસની અસ્મિતાનો ઉન્મેષ, ઓગસ્ટ,૨૦૦૮ –પૃ.૯૫

(7) શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર –ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૯ આઝાદી પહેલા અને આઝાદી પછી ,અમદાવાદ, ૧૯૮૭

(8) ડો.દીપક પટેલ – પાલનપુર રાજ્યનો ઈતિહાસ (ઈ.સ.૧૬૩૫-ઈ.સ.૧૯૪૮) પૃ.૧૩૭

(9) કનુ આચાર્ય –બનાસની અસ્મિતાનો ઉન્મેષ, ઓગસ્ટ,૨૦૦૮ –પૃ.૯૪-98